ગાંધીનગર સમાચાર

સેક્ટરોના એપ્રોચ માર્ગોને ફોરલેન બનાવવાની યોજના અધ્ધરતાલ





શિયાળો મોટાભાગના વ્યક્તિઓને ખૂબ ગમે. કારણ એટલું જ કે શિયાળામાં પહેરવા-ઓઢવાનીય મજા આવે ને ખાવા-પીવાનીય મજા આવે. ઉનાળામાં કે ચોમાસામાં આ આનંદ પ્રાપ્ત કરી શકાતો નથી. શિયાળાની ખાસ ભેટ એવી લીલી ભાજી અને અવનવાં ફળોનું બજાર લાગી ગયું છે. ખાસ લોકોની પસંદ એવા શિંગોડા અને બહુધા લોકોની પસંદ તથા શરીર માટે ગુણકારી એવાં જામફળ પણ ખાસ જોવા મળી રહ્યા છે અને એની ખરીદીએ પણ જોર પકડ્યું છે. દક્ષિણ ગુજરાત તરફથી આવતાં જામફળે વેચાણમાં જોર પકડ્યું છે.

# શહેરના બજારો નોટબંધીની અસરથી હજુ પણ પ્રભાવિત

**વેપાર ધંધા હજુ પાટે ચઢ્યા નથી શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં ખાલીપો : કેશ કાઉન્ટર પણ ન ખોલવાની જરૂર પડતી નથી : વેપારીઓ : કેશ ફ્લોના અભાવ વચ્ચે વેપારીઓની હાલત કફોડી**

ગાંધીનગર તા ૨

નોટબંધીના ૨૪ દિવસ બાદ પણ બેંકોમાંથી આમ નાગરિકોને પર્યાપ્ત કેશ ઉપલબ્ધ થતી નથી. આમ નાગરિકો હજુ પણ બેંકોની કતારમાં જોવા મળે છે. ત્યારે નોટબંધીના લીધે વેપાર ધંધાઓ પણ ઠપ્પ થઈ ગયા છે. નોટબંધીને એક મહીનો થવા આવશે છતા શહેરના બજારમાં વેપારીઓ ઘરાકી ન હોવાનો આક્રોશ ઠાલવી રહયા છે. શહેરના મુખ્ય સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં પણ સુનકાર જોવા મળે છે. આડા દિવસે ધમધમતા શોપિંગમાં કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. છુટાની પર્ણોજણ અને કેશના અભાવથી નગરમાં વેપાર ધંધા વિશેષ રૂપે પ્રભાવિત છે. આવા સંજોગોમાં વેપારીઓ પણ પોતાના કામ ધંધાની ગાડી ક્યારે પાટે ચઢશે તે અંગે ચિંતા સેવી રહયા છે.

સરકાર દ્વારા રૂ ૫૦૦ અને હજારની નોટ બંધ કરી દેવાયા બાદ આમ નાગરિકોની લાઈફ સ્ટાઈલમાં પણ બદલાવ જોવા મળી રહયો છે. નોટબંધીના લાંબા સમય બાદ પણ બેંકોમાં ભીડભાડ જોવા મળે છે. જો કે હવે નોટો બદલવાનુ બંધ કરી દેવાયા બાદ કતાર જોવા મળતી નથી. પરંતુ પૈસા જમા કરાવવા તેમજ ઉપાડ માટે બેંકોમાં હજુ પણ ઘસારો જોવા મળી રહયો છે. જયારે પગાર તારીખા પ્રારંભથી જ આજે બેંકમાં ફરી નાગરિકો કતારમાં ખડા થયેલા જોવા મળ્યા હતા. ત્યારે બેંકો તરફથી ગ્રાહકોને માંગણી મુજબ રકમ ન ચુકવાતી હોવાના આક્રોશ વચ્ચે કેશ પુરતી હોવાના પોકળ દાવા સામે પણ રોષ પ્રબળ બન્યો છે. બીજીતરફ નવી નોટો હજુ પણ પર્યાપ્ત પ્રમાણમાં બજારમાં ફરતી થઈ નથી ત્યારે નોટબંધીની અસરથી નગરના જનજીવનની સાથે વેપાર ધંધા પણ વિશેષ પ્રભાવિત છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેક્ટરોની ૫૨૬૮ મિલ્કતોનું પ્રમોલગેશન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સે-૭, ૮, ૧૨, ૧૪, ૧૫ અને ૩૦ની ૫૨૬૮ મિલ્કતોની માપણી સંપન્ન થયા બાદ આ મિલ્કતો માટેના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા માટેનું પ્રમોલગેશન આગામી ૩જી જાન્યુઆરીના રોજ કરવામાં આવશે.

સીટી સુપ્રિટેન્ડન્ટ દ્વારા આ અંગેની જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરી દેવામાં આવી છે. ૧૯૯૫માં તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ગાંધીનગર શહેરમાં મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડ અંગેના પ્રોજેકટની ઘોષણા કરી હતી.

તાજેતરમાં જિલ્લામાં થયેલ રિસર્વેની કામગીરીને અંતે પુનઃ બે દાયકા બાદ આ પ્રોજેકટ જીવીત થયો છે. શહેરમાં માપણીનું કામ સંપન્ન થઈ ગયા બાદ જમીન ફાળવણી શાખા પાસેથી રેકર્ડ મેળવી અને તેનું મેળાપીપણું કર્યા બાદ આ પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે-૧ થી ૬ની ૧૧,૯૯૮ જેટલી મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જેનું વિતરણ પણ ચાલી રહ્યું છે.

તંત્રના સૂત્રોનું માનીએ તો આગામી જુન ૨૦૧૭ સુધીમાં શહેરના તમામ ૩૦ સેકટરોની મિલ્કતોનું પ્રમોલગેશન સંપન્ન કરી અને સમગ્ર રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનો લક્ષ્યાંક છે

સુપ્રિ. ઓફ લેન્ડ રેકર્ડઝની કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરની તમામ જમીનની માપણી પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ સૂત્રોના કહેવા પ્રમાણે પ્રમોલગેશન માટેના દસ્તાવેજોની ચકાસણી માટે હાલ ફ્રી નકલ અરજદારને આપવામાં આવી રહી છે તે માટે કેટલીક ચોકકસ વિગતો

● અનુસંધાન પાન-૭ પર

**પ્રોપર્ટી કાર્ડમાં શું દર્શાવશે**

ગાંધીનગરની મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડમાં મિલ્કત ધારકનું નામ, ક્ષેત્રફળ, જમીનનો સત્તા પ્રકાર, સહિતની બાબતો દર્શાવવામાં આવશે. આ માટે મિલ્કતનો નવો સર્વે નંબર પણ પ્રાપ્ત થશે

**બે દાયકાથી વધુ સમય બાદ પ્રોપર્ટી કાર્ડની વાત યાદ રાખી**

૧૯૯૫માં ભાજપની સરકારે રાજયમાં સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી કેશભાઈ પટેલે શહેરની મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડના પ્રોજેક્ટની ઘોષણા કરી હતી.

૨૦૧૩માં જિલ્લામાં રિસર્વેનો પ્રોજેક્ટ આવતાં પુનઃ પ્રોપર્ટી કાર્ડનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ માટે સિટી સર્વેની કચેરી પણ કાર્યરત કરવામાં આવી છે.

**સે-૧ થી ૬ની ૧૧, ૯૯૮ મિલ્કતોનું પ્રમોલગેશન સંપન્ન થયું**

સે-૧ની ૫૬૨, સે-૨ની ૨૭૬૬, સે-૩ અને ૩ એ ન્યુની ૨૨૯૦, સે-૪ની ૨૪૫૫, સે-૫ની ૨૦૮૦ અને સે-૬ની ૧૧૪૫ મિલ્કતોનું પ્રમોલગેશન સંપન્ન થઈ ગયું છે અને તેના પ્રોપર્ટી કાર્ડ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે.

**સે-૭, ૮, ૧૨, ૧૪, ૧૫, અને ૩૦ મિલ્કતો કેટલી**

સે-૭માં ૧૦૯૧, સે-૮ની ૧૧૪૮, સે-૧૨ની ૪૫૩, સે-૧૪ ૫૪૦, સે-૧૫ની ૧૬, સે-૩૦ની ૧૨૧૦ મિલ્કતોનું પ્રમોલગેશન કરવા માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. હજુ આ સેકટરોની કેટલીક મિલ્કતોના રેકર્ડનું મેળાવીકરણ ચાલી રહ્યું હોવાથી તેમાં થોડોક વધારો થવાની સંભાવના પણ રહેલી છે.

**જૂન મહિના બાદ તમામ પ્રોપર્ટી કાર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન થતાં ઓન લાઈન એન્ટ્રી થશે**

મળતી વિગતો પ્રમાણે જુન-૨૦૧૭ સુધીમાં તમામ મિલ્કતોનું કોમ્પ્યુટરાઈઝેશન અને પ્રમોલગેશન સંપન્ન કરી દેવામાં આવશે.

આપણી મિલ્કતોના લે-વેચની નોંધ એન્ટ્રી ઓન લાઈન ઈ-ધરાની જેમ કરી શકાશે એટલું જ નહિ મિલ્કતની વિગતો પણ જાણી શકાશે. વારસાઈની નોંધ પણ ઓન લાઈન કરી શકાશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે.

# સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરલેન બનાવવાની યોજના અધ્ધરતાલ

**મુખ્ય માર્ગોને જોડતા એપ્રોચ પર માર્ગ સલામતીને ધ્યાને લઇ અગાઉ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી**

ગાંધીનગર તા ૨

શહેરમાં માર્ગોની હાલતમાં સુધાર લાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. ખાસ કરીને સેકટરોના આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં છે ત્યારે સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરલેન કરવાની દરખાસ્ત વર્ષોથી વિભાગમાં ઘુળ ખાય છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા હાથ ધરવામાં વિલંબ થઈ રહયો છે. ત્યારે મુખ્ય માર્ગો સાથે જોડાયેલા એપ્રોચ રસ્તા માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. આવા સંજોગોમાં આંતરિક માર્ગો પર વધતા વાહનવ્યવહારને અનુલક્ષી એપ્રોચ રસ્તાને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

શહેરમાં રોડ નેટવર્કને અનુલક્ષી વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જો કે આ વર્ષે માર્ગોની સુધારણા હાથ ધરવામાં વિભાગ દ્વારા જરૂરી દરખાસ્તોને મંજુરી ન અપાતા કામો અટવાયા છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ સુધી હાથ ધરવામાં આવ્યુ નથી. જયારે બે વર્ષ અગાઉ સેકટરોના એપ્રોચ રસ્તાઓને ફોરલેન બનાવવાની યોજના અન્વયે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયથી આ દરખાસ્ત વિભાગ કક્ષાએ લાંબા સમયથી પડતર છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વૃક્ષ ટ્રીમીંગનુ અભિયાન હાથ ધરાયુ

**વૃક્ષોના ટ્રીમીંગ માટે માર્ગ મકાન વિભાગે વનતંત્રને યાદી સુપ્રત કરી**

ગાંધીનગર તા ૧

હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં વૃક્ષોનુ યોગ્ય સમયે ટ્રીમીંગ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે. ત્યારે વનતંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. માર્ગ મકાન વિભાગ દ્વારા વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ટ્રીમીંગનુ કામ હાથ ધરવા માટે વનતંત્રને યાદી તૈયાર કરી સુપ્રત કરવામાં આવી છે. જે મુજબ મુખ્યમાર્ગો આસપાસ ટ્રીમીંગનુ કામ હાથ ધરાશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી ખોરવાતા આમ નાગરિકો માટે અનેક દુવિધાઓ ઉભી થઈ છે. ગત ચોમાસાના અંતે સેકટરોમાં ટ્રીમીંગનુ કામ ત્વરિત અસરથી હાથ ધરવા પણ આમ નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આમછતા સેકટરોમાં ટ્રીમીંગનુ કામ હજુ સુધી હાથ ધરાયુ નથી. જયારે વનતંત્ર પાસે પણ મશીનરી સાથે મેનપાવરનો પણ અભાવ હોવાથી ટ્રીમીંગની કામગીરી ટલ્લે ચઢે છે. બીજીતરફ કોર્પોરેશનનુ મશીન પણ ટ્રીમીંગની કામગીરી માટે ઉપયોગમાં લેવાતુ નથી. જયારે હવે વાઈબ્રન્ટ સમિટ નજીકમાં હોવાથી વૃક્ષોના ટ્રીમીંગ માટે તંત્ર હરકતમાં આવ્યુ છે. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સે-૧૭ સ્થિત વાઈબ્રન્ટ એકઝિબીશનના સ્થળે પણ ટ્રીમીંગનુ

● અનુસંધાન પાન-૭ પર

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-23268700 Fax: +91-79-23268506
Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in

NOTICE

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016 ("the Rules") notified by the Ministry of Corporate Affairs effective from 7th September, 2016.

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Suspense Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Suspense Account under the said Rules for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. www.gspcgroup.com under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend for the Financial Year 31st March, 2009 on or before **26.12.2016** and for the Financial Years ended 31st March, 2010 to 31st March, 2016 on or before **28.02.2017** or such other date as may be extended, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Suspense Account by the due date as per procedure stipulated in the Rules.

The Shareholders may note that, for the purpose of transfer of Shares to IEPF Suspense Account, the Company will take necessary steps for issuance of duplicate Share Certificate(s) in lieu of the original Share Certificate(s) and sign the delivery instruction slips against the demat Shares pursuant to provisions of the aforesaid Rules. The Shareholders may further note that the details uploaded by the Company on its website should be regarded and shall be deemed adequate notice to the concerned Shareholders in respect of the above. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF Suspense Account, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case the Shareholders have any queries on the subject matter and the Rules, they may write to the Company at its Corporate Office viz. GSPL Bhavan, E-18 – GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector - 26, Gandhinagar - 382028 Tel.: 079-23268700 Fax No.: 079-23268506 Email: investors.gspl@gspc.in Website: www.gspcgroup.com or the Company's Registrar and Share Transfer Agent at M/s Karvy Computershare Private Limited, Karvy Selenium Tower B, Plot 31 - 32, Gachibowli, Financial District, Nanakramguda, Hyderabad – 500 032. Tel.: 040-67162222 Fax No.: 040-23001153 Email: einward.ris@karvy.com Website: www.karvycomputershare.com.

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary

Place : Gandhinagar
Date : 2nd December, 2016

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN
INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

૨૫ વર્ષ પૂરા થવા નિમિત્તે સ્પેશીયલ
૪૦% ડિસ્કાઉન્ટ ઓફર
૨૦% થી ૪૦% ડિસ્કાઉન્ટ બ્રાઈડલ
ફ્લેવર, વેક્ષ, ફેશીયલ, હેર સ્પામાં
જોઈએ છે બ્યુટીશીયન બહેનો
કોઈપણ પ્રકારની માહિતી માટે રૂબરૂ સંપર્ક કરવો.
ક્લાસિક
બ્યુટી પાર્લર
(ફક્ત બહેનો માટે) ● ગુરૂવારે રજા
સેક્ટર-૨૧ : ૦૭૯-૨૩૨૪૫૬૧૪/૯૮૨૫૭૪૪૬૧૪
સેક્ટર-૦૭ : ૦૭૯-૨૩૨૪૭૬૧૪/૯૮૭૯૫૪૭૬૧૪



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com